| सौराष्ट्र युनिवर्सिटी<br>सौराष्ट्र युनिवर्सिटी कार्यालय<br>युनिवर्सिटी रोड<br>राजकोट - ३६०००५ | SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ |
|---|---|---|
| PHONE :- 0281 - 2578501 | EXT. NO. *111 | FAX :- 0281 - 2586411 |
| website :- www.saurashtrauniversity.edu | | E-mail id :- phyedu@sauuni.ac.in |

નં. શા.શિ./વિ.ક./ ૦૭ /૨૦૧૯ તા. ૨૬-૪-૨૦૧૯

વિષય :- ૦૧ મે ૨૦૧૯ ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરવા બાબત.

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સર્વે સિન્ડીકેટ સભ્યશ્રીઓ, એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, ભવનોનાં અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તથા યુનિવર્સિટીના સર્વે વિભાગના વડાઓને જણાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ૦૧ મે ૨૦૧૯ નાં રોજ ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીનાં ભાગરૂપે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો તથા યુનિવર્સિટી સ્થિત ભવનોમાં નૂતન પાંચ પ્રકલ્પો કાર્યરત કરવામાં આવનાર છે, જે અંતર્ગત તા. ૦૧ મે ૨૦૧૯ નાં રોજ સવારે ૧૦:૩૦ કલાકે સેનેટ હોલ, મેઈન બિલ્ડીંગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ ખાતે માન.કુલપતિશ્રી ના અધ્યક્ષ સ્થાને મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે, તો આ મિટીંગમાં અચૂક ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવે છે.

❖ નૂતન પાંચ પ્રકલ્પો

- કલાસરૂમ ટીચીંગ વધે તેવા પ્રયત્નો હાથ ધરાશે.
- મોરલ વેલ્યુઝ પર વ્યાખ્યાન/સેમિનારનું આયોજન કરાશે.
- વર્ષમાં બે સ્પોર્ટ્સ એક્ટીવીટીઝનું આયોજન કરાશે.
- પ્લાસ્ટીક ફ્રિ કેમ્પસનાં પ્રોગ્રામ હાથ ધરવામાં આવશે.
- વ્યસનમુક્તિ પ્રોગ્રામ હાથ ધરવામાં આવશે.

આ નૂતન પાંચ પ્રકલ્પોનાં કૉ-ઓર્ડીનેટર તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સિન્ડીકેટ સભ્ય અને સાયન્સ ફેકલ્ટીનાં ડીનશ્રી ડૉ. મેહુલભાઈ રૂપાણી સંકલન કરશે. બેઠક દરમ્યાન વર્કીંગ લંચની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

કુલસચિવ

પ્રતિ,
(૧) સૌ. યુનિ. સિન્ડીકેટ સભ્યશ્રીઓ તમામ
(૨) એકેડેમિક કાઉન્સીલ ના સર્વે સભ્યશ્રીઓ
(૩) સૌ. યુનિ. સેનેટ સભ્યશ્રીઓ તમામ
(૪) સૌ. યુનિ. સંચાલિત અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ
(૫) સૌ. યુનિ. સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ
(૬) સૌ. યુનિ. સંલગ્ન માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ

નકલ સાદર રવાના :-
(૧) માન. કુલપતિશ્રી / માન. ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રી નાં અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-
(૧) હિસાબી વિભાગ
(૨) ઓડીટ વિભાગ
(૩) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિદ્ધિ અર્થે)